# // આંક –૮૩ ની અરજી હેઠળ હુકમ //

## ( દિવાની કાર્યવાહી સંહિતાની આદેશ ૧ નિયમ ૧૦(૨) )

## ( દિવાની કાર્યવાહી સંહિતાની આદેશ ૬ નિયમ ૧૭)

==========================================================

(૧) વાદીની આંક : ૮૩ ની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો દાવો સુરત ડિસ્ટ્રિકટ, સબ–ડિસ્ટ્રિકટ પલસાણાના મોજે : કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨, ૧૦૨ પૈકી ૧ થી ૮ તથા ૧૦૨ પૈકી ૯ થી ૨૯ થી નોંધાયેલી જમીન કે જેનો બ્લોક નંબર : ૧૦૩ છે તથા ક્ષેત્રફળ ૫૨૦૫૪ ચો.મી. છે તે જમીન અંગે જાથુકની મનાઈ, જાહેરાત તથા વેચાણ દસ્તાવેજો રદબાતલ ઠરાવવા વિગેરે દાદ મેળવવા માટે કરેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નંબર : ૧૮૨ તથા ૧૮૩ સને : ૨૦૧૫ ના કામે તેમાં આપેલ સિવિલ એપ્લીકેશન નંબર : ૯૯૮ તથા ૯૯૯ સને : ૨૦૧૫ ના કામે જે હુકમ કરેલો તેની નોંધ નંબર : ૧૨૧૫૯, તારીખ : ૨૨/૦૯/૨૦૧૫ ના રોજ કડોદરા રેવન્યુ રેકર્ડમાં પડાવતાં દાવાવાળી જમીનો પૈકી કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ વાળી જમીન બિનખેતીની હોય અને તેમાં જાણે પ્લોટો પાડવામાં આવેલા હોય તેવો દેખાવ કરીને અમૃતભાઈ ઠાકોરભાઈ દૂધવાલાએ પાવર ઓફ એટોર્ની હોલ્ડર તરીકે અલગ અલગ પ્લોટો અંગે જુદા જુદા ઈસમોની તરફેણમાં રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરી આપેલા હોવાનું જાણવા મળેલ, જે અંગેના વેચાણ દસ્તાવેજોની નકલ મેળવેલી. એન્ટ્રી પડાવતી વખતે વાદીના ધ્યાન ઉપર આવેલ કે, કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈક ૩ વાળા કહેવાતા પ્લોટ અંગે હરીલાલ વાલજીભાઈ પટેલ વિગેરેનાઓને વેચાણ આપેલ, જે અંગેની જાણ વાદીને રેવન્યુ રેકર્ડની એન્ટ્રી નંબર : ૧૨૧૫૯ પડાવતાં થયેલી, જેથી તેઓએ જરૂરી પક્ષકાર તરીકે જોડવાની અરજી આપેલ.

(૨) વાદીએ હાલની અરજીના સમર્થનમાં આંક : ૮૪ ના લિસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | નિશાની |
|---|---|---|
| (૧) | કડોદરાના રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ નોંધ નંબર : ૧૨૦૬૩, તારીખ : ૧૬/૦૨/૨૦૧૫ ના તુમારની નકલ. | ૮૪/૧ |
| (૨) | કડોદરાના રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ નોંધ નંબર : ૧૧૬૯૩, તારીખ : ૨૯/૦૧/૨૦૧૩ ના તુમારની નકલ. | ૮૪/૨ |

| | | |
|---|---|---|
| (૩) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૫ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૩ |
| (૪) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૬ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૪ |
| (૫) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૭ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૫ |
| (૬) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૪ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૬ |
| (૭) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૩ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૭ |
| (૮) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૨ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૮ |
| (૯) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૧ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૯ |
| (૧૦) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૮ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૧૦ |
| (૧૧) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૩ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૧૧ |
| (૧૨) | કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ પૈકી ૪ થી નોંધાયેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ. | ૮૪/૧૨ |
| (૧૩) | ફર્સ્ટ અપીલ નંબર : ૧૮૨ તથા ૧૮૩ સને : ૨૦૧૫ તથા તેમાં ફાઈલ કરવામાં આવેલ સિવિલ એપ્લીકેશન નંબર : ૯૯૮ તથા ૯૯૯ સને : ૨૦૧૫ ના કામે નામ. ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમની નકલ. | ૮૪/૧૩ |
| (૧૪) | ઉપરોકત હુકમ અંગે કડોદરાના રેવન્યુ દફતરે પાડવામાં આવેલ એન્ટ્રી નંબર : ૧૨૧૫૯ ની નકલ. | ૮૪/૧૪ |
| (૧૫) | સિવિલ એપ્લીકેશન નંબર : ૭૭૯૦ તથા ૭૭૯૧ સને : ૨૦૧૫ ના કામે તારીખ : ૨૧/૦૯/૨૦૧૫ ના રોજ નામ. ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમની નકલ. | ૮૪/૧૫ |
| (૧૬) | ઉપરોકત હુકમ અંગે કડોદરાના રેવન્યુ દફતરે પાડવામાં આવેલ એન્ટ્રી નંબર : ૧૨૧૮૯ ની નકલ. | ૮૪/૧૬ |

| | | |
|---|---|---|
| (૧૭) | કડોદરાના રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર : ૪૦૮૭, ૪૦૮૮, ૪૦૮૯, ૪૦૯૦, ૪૦૯૧ તથા ૪૦૯૨, તારીખ : ૦૬/૦૩/૧૯૯૬ ની નકલ. | ૮૪/૧૭ |
| (૧૮) | કડોદરાના રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર : ૪૯૪૨, તારીખ : ૧૧/૦૯/૧૯૯૮ ની નકલ. | ૮૪/૧૮ |
| (૧૯) | કડોદરાના રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર : ૪૯૭૪, તારીખ : ૨૭/૧૧/૧૯૯૮ ની નકલ. | ૮૪/૧૯ |
| (૨૦) | કડોદરાના રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર : ૮૫૮૦, તારીખ : ૧૯/૦૯/૨૦૦૭ ની નકલ. | ૮૪/૨૦ |
| (૨૧) | કડોદરાના રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર : ૮૩૦૨, તારીખ : ૩૧/૦૩/૨૦૦૭ ની નકલ. | ૮૪/૨૧ |

(૩) વાદીની હાલની આંક : ૮૩ ની અરજીનો પ્રતિવાદી નંબર : ૧ થી ૩ નાઓએ આંક : ૯૦ થી લેખિત જવાબ રજૂ કરેલ છે, જેમાં તેઓએ આંક : ૮૩ ની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, વાદી ખોટી રીતે વધુ પક્ષકારોને જોડીને તેઓના દાવાવાળી જમીનમાં ચાલી આવેલા માલિકી હકકને નુકસાન પહોંચાડવા માંગે છે અને તેથી સૂચિત પ્રતિવાદીઓ સાથે મળી જઈ હાલની અરજી વાદીએ આપેલ છે, જે રદ કરવાની જરૂર છે. સૂચિત પક્ષકારોને દાવાના કામે જોડવા માટે જે કારણ બતાવેલ છે તે ખોટું છે. વાદીની દાવાવાળી જમીન ઉપર કોઈ લોકસ સ્ટેન્ડી નથી. પક્ષકારો વચ્ચે સ્પે. દીવાની મુકદમા નંબર : ૧૯/૨૦૦૬ ચાલી આવેલ અને તે દાવાના કામની જમીન અને હાલની દાવાવાળી જમીન એકસાથે આવેલ છે. વાદીએ દાવાવાળી જમીન ૨૦૦૬ ની સાલમાં ખરીદેલ હોય તો તેની સંપૂર્ણ માહિતી તેઓને દસ્તાવેજ કરતી વખતે હોય અને તે દસ્તાવેજો, ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે ઉભા કરેલા છે, જે દસ્તાવેજો ધ્યાને લેતાં પણ સદર જમીનની હિસ્ટ્રી તેઓએ પોતાના દસ્તાવેજમાં જણાવેલ છે અને બ્લોક નંબર સહિત તમામ કહેવાતા પ્લોટોનું વર્ણન કરેલ છે. વાદીના સદર દસ્તાવેજો તેમજ પ્રતિવાદી નંબર : ૯ થી ૧૩ તેમજ સૂચિત પ્રતિવાદીઓને સદર જમીન ઉપર કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી. સદર જમીન ઉપર તેઓની માલિકી અને કબજો ચાલી આવેલ છે. આમ, વાદીએ ખોટાં પક્ષકારોને જોડવા હાલની અરજી કરેલ હોવાથી તે રદ કરવાની જરૂર છે. વાદી તરફે રજૂ થયેલ દસ્તાવેજો ખોટાં અને ગેરકાયદેસરનાં છે અને તે તેઓને બંધનકર્તા નથી અને આવા વેચાણ દસ્તાવેજથી સૂચિત પ્રતિવાદીઓને માલિકી હકક કે કબજો પ્રાપ્ત થઈ શકે નહીં અને આવા દસ્તાવેજો પ્રતિવાદીઓએ કરી આપેલા નથી. સૂચિત પ્રતિવાદીઓના દસ્તાવેજોનો તેઓએ ભારપૂર્વક ઈન્કાર કરેલ છે. સૂચિત પ્ર

તિવાદી, વાદી તથા અન્ય પ્રતિવાદીઓ એકબીજાના મેળાપીપણામાં તેઓના માલિકી હકક, કબજાને ડિસ્ટર્બ કરવા અવનવા પ્રયોગો કરી ગેરકાયદેસર રીતે વર્તી રહેલા હોવાથી હાલની અરજી રદ કરવા માંગણી કરેલ છે.

(૪) સદર કામે સૂચિત પ્રતિવાદીઓ તરફે હાલની અરજી સંદર્ભે જવાબ રજૂ કરવાની પૂરતી તક આપવા છતાં તેઓએ લેખિત જવાબ રજૂ ન કરતાં તેઓનો જવાબ રજૂ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૫) સદર કામે હાલની અરજી સંદર્ભે વાદી તરફે આંક : ૯૬ થી લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધેલ છે.

(૬) વાદીએ લેખિત દલીલ રજૂ કર્યા બાદ સૂચિત પ્રતિવાદીઓએ લેખિત જવાબનો હકક ઓપન કરવા માટે આંક : ૯૭ ની અરજી આપેલ, જે અરજી ખર્ચ સાથે મંજૂર કરવામાં આવેલ. સદર કામે સૂચિત પ્રતિવાદીઓએ આંક : ૯૮ થી વાદીની આંક : ૮૩ ની અરજીનો લેખિત જવાબ રજૂ કરેલ છે, જેમાં તેઓએ આંક : ૮૩ ની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીએ જે જમીન સંદર્ભે દાવો કરેલ છે તે જમીન તેઓની પ્લોટવાળી રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ મિલકત છે અને તેઓની માલિકી ધોરણે ચાલી આવેલ જમીન બ્લોક નંબર : ૦૧૨ છે, જેનો સર્વે નંબર : ૧૦૮ છે. આમ, વાદીએ જે દાવો કરેલ છે તે જમીન અને તેઓની જમીન બંને અલગ અલગ છે. તેઓની જમીનનો બ્લોક નંબર : ૧૦૨ છે અને વાદીની જમીનનો સર્વે નંબર : ૧૦૨ હોવાથી શરતચૂકથી તેઓને પક્ષકાર બનાવવા હાલની અરજી વાદીએ કરેલ છે. વાદીની જમીન અને તેઓની જમીન અલગ અલગ હોવાથી તેઓને વાદીની જમીન સાથે કાંઈ લેવાદેવા નથી. વાદીએ સદર જમીન બાબતે ઉંડાણપૂર્વક રેવન્યુ રેકર્ડની તથા ઓથોરિટીની તપાસ કર્યા વિના હાલની અરજી આપેલ હોવાથી તે રદ કરવાની જરૂર છે. નામ. ગુજરાત હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નંબર : ૧૮૨/૨૦૧૫ તથા ૧૮૩/૨૦૧૫ ના કામે તથા તેમાં આપેલી સિવિલ એપ્લીકેશન નંબર : ૯૯૮/૨૦૧૫ તથા ૯૯૯/૨૦૧૫ ના કામે જે હુકમ કરવામાં આવેલ છે તે હુકમની નોંધ નંબર : ૧૨૧૫૯ ની તારીખ : ૨૨/૦૯/૨૦૧૫ ના રોજ કડોદરાના રેવન્યુ રેકર્ડમાં પડાવતાં દાવાવાળી જમીનો પૈકી કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ વાળી જમીનમાં નોંધ પાડવાને બદલે તેઓની બ્લોક નંબર : ૧૦૨ વાળી મિલકતમાં નોંધ પડાવ્યા અંગેની હકીકત વાદીને માલૂમ પડતાં વાદીએ તેઓને સૂચિત પ્રતિવાદીઓ તરીકે જોડવા હાલની અરજી આપેલ છે. ખરી હકીકતમાં વાદીએ રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ માં નોંધ નંબર : ૧૨૧૫૯ પડાવેલ નહીં, પરંતુ શરતચૂકથી બ્લોક નંબર:૧૦૨ માં સદર નોંધ નંબર : ૧૨૧૫૯ પડાવવા અરજ આપેલ, જે અંગે તેઓએ પલસાણાના મામલતદારશ્રીને સદર નોંધની સામે સુધારા અરજી આપેલ, જે સુધારા અરજી અંગે સુનાવણી થયા

બાદ તેઓની સુધારા અરજી મંજૂર કરતો હુકમ કરવામાં આવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓની કડોદરાના રેવન્યુ સર્વે નંબર : ૧૦૮ કે જેનો બ્લોક નંબર : ૧૦૨ છે તે જૂની શરતની જમીનના મૂળ માલિક રણછોડભાઈ તથા દલપતભાઈ ચાલી આવેલા, જે અંગેની ફેરફાર નોંધ નંબર : ૫૨૩, તારીખ : ૦૪/૧૧/૧૯૬૨ ના રોજ કરવામાં આવેલી. ત્યાર બાદ રણછોડભાઈ ને જમીનની વહેંચણી કરતાં સદર જમીન પૈકી માલિકી હકકે ૧૧૮૮૭ સ.ચો.મી. જમીન ફેરફાર નોંધ નંબર : ૫૬૪ થી તારીખ : ૦૫/૦૭/૧૯૭૦ ના રોજ પ્રાપ્ત થયેલ. ત્યાર બાદ ફેરફાર નોંધ નંબર : ૧૦૬૮, તારીખ : ૨૪/૦૯/૧૯૭૯ થી સદર જમીન બિનખેતીની કરવામાં આવેલ અને રેવન્યુ સર્વે નંબર : ૧૦૮, બ્લોક નંબર : ૧૦૨ પૈકી એ વાળી જમીન રણછોડભાઈએ પ્રકાશ સિલ્ક મિલ્સને વેચાણ આપેલ. ત્યાર બાદ બાકી રહેતી ૩૯૬૧૦ સ.ચો.મી. જમીન તારીખ : ૨૪/૦૨/૧૯૮૨ ના રોજ ફેરફાર નોંધ નંબર : ૧૫૨૪ થી એન.એ. કરવામાં આવેલ અને રણછોડભાઈ ગુજરી જવાથી તેઓના સીધી લીટીના વારસદાર તરીકે ચાલી આવેલા સહમાલિક હેમુબેને ફેરફાર નોંધ નંબર : ૨૫૮૭ , તારીખ : ૨૨/૦૬/૧૯૮૯ થી હકક જતો કરેલ. ત્યાર બાદ સદર ૩૯૬૧૦ સ.ચો.મી.વાળી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા જુદા જુદા ૨૯ પ્લોટો મૂળ માલિકે તેઓને એટલે કે સૂચિત પ્રતિવાદીઓને વેચાણથી આપેલ, જે અંગેના વેચાણ દસ્તાવેજ કામરેજના સબ–રજિસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધાયેલા છે. આમ, તેઓ બ્લોક નંબર : ૧૦૨ પૈકી, રેવન્યુ સર્વે નંબર : ૧૦૮ વાળી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટોના માલિક અને મુખત્યાર તરીકે તેઓ ચાલી આવેલા છે અને ૭×૧૨ ની નકલો પણ છૂટી પાડવામાં આવેલ છે અને સદર બ્લોક નંબર : ૧૦૨ વાળી જમીનને નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ પ્રકરણ ને કાંઈ લાગતું વળગતું નથી, પરંતુ બ્લોક નંબર : ૧૦૨ વાળી જમીનમાં રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ વાળી જમીનને લગતી નામ. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી આવેલ તકરારોનું શરતચૂકથી બ્લોક નંબર : ૧૦૨ વાળી જામીનોના રેવન્યુ રેકર્ડમાં અસર અપાઈ ગયેલ છે. તેઓને દાવાવાળી મિલકત સાથે કાંઈ લાગતું વળગતું નથી અને તેઓની જમીન સાથે આ કામના વાદીને પણ કાંઈ લાગતું વળગતું નથી. તેઓના બ્લોક નંબર : ૧૦૨ ને વાદીના બ્લોક નંબર : ૧૦૩ ના રેવન્યુ સર્વે નંબર : ૧ ૦૨ નો ઉલ્લેખ બતાવી વાદીએ અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. તેઓની બ્લોક નંબર : ૧૦૨, સર્વે નંબર : ૧૦૮ વાળી જમીન અંગે રેવન્યુ દફતરે બોજા તથા બીજા હકકોની વિગતવાળી કોલમમાં કયારેય પણ તકરારોની નોંધ પાડવામાં આવેલ નથી. તેઓની જમીનની ૭×૧૨ પ્હાણીપત્રકની નકલની કે.જે.પી.ની દુરસ્તી કરી અલગ પાડવામાં આવેલ છે, જે આ કામે રજૂ કરવામાં આવેલ છે. તમામ પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૩૯૬૧૦ સ.ચો.મી. થાય છે, જયારે વાદીની દાવાવાળી જમીનનો બ્લોક નંબર : ૧૦૩, રેવન્યુ સર્વે નંબર : ૧૦૨ વાળી જમીનની ફકત એક જ

૭×૧૨ ચાલી આવેલ છે અને તેનું ક્ષેત્રફળ ૧૨૪૪૪ ચાલી આવેલ છે. દાવાવાળી જમીન અને તેઓની જમીન જુદી જુદી છે અને બંને જમીનોના ક્ષેત્રફળ પણ અલગ અલગ છે. આમ, વાદીએ શરતચૂકથી તેઓની જમીનમાં નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમની નોંધ પડાવેલ હોવાનું રેકર્ડ જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેઓએ બ્લોક નંબર : ૧૦૨, સર્વે નંબર : ૧૦૮ વાળી જમીન ૧૯૯૬ માં રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મૂળ માલિક પાસેથી ખરીદ કરેલ, જેની નોંધ પણ રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ છે. વાદીએ સુમારે વીસ વર્ષ બાદ તેઓને દાવાના કામે જોડવા હાલની અરજ આપેલ છે. આમ, તેઓને વાદીની દાવાવાળી જમીન સંદર્ભે કાંઈ લાગતું વળગતું નથી અને તેઓને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડવા અરજી આપવામાં આવેલ છે, જેથી વાદીની હાલની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૭) સદર કામે સૂચિત પ્રતિવાદીઓએ આંક : ૯૯ ના લિસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | નિશાની |
|---|---|---|
| (૧) | કડોદરાના બ્લોક નંબર : ૧૦૩, સર્વે નંબર : ૧૦૨ ની ૭×૧૨ તથા ૮(અ) ની નકલ. | ૯૯/૧ |
| (૨) | કડોદરાના બ્લોક નંબર : ૧૦૨ પૈકી ૧ ની ૭×૧૨ ની નકલ. | ૯૯/૨ |
| (૩) | સૂચિત પ્રતિવાદીઓના બ્લોક નંબર : ૧૦૨ પૈકીમાં ખોટી રીતે નામ. હાઈકોર્ટની અપીલની નોંધ કરવામાં આવેલ તે અંગેના મામલતદારશ્રીના હુકમની નકલ. | ૯૯/૩ |
| (૪) | મામલતદારશ્રીના હુકમ આધારે ફેરફાર નોંધ નંબર : ૧૨૨૯૧ થયેલ તે અંગે નમૂના નંબર : ૬ હકકપત્રકની નકલ. | ૯૯/૪ |
| (૫) | ફેરફાર નોંધ નંબર : ૧૨૨૯૧ પ્રમાપિત થયા અંગેની તુમારતા કાગળોની નકલ. | ૯૯/૫ |
| (૬) | કડોદરાના બ્લોક નંબર : ૧૦૨ પૈકી સૂચિત પ્રતિવાદીઓના બ્લોકમાં વાદીએ પડાવેલ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અપીલની નોંધ બીજા હકકમાંથી કમી કરતાં હુકમના આધારે ૭×૧૨, ૮(અ) ની અસરયુકત ૭×૧૨ તથા ગામ નમૂના નંબર : ૬ ની નકલ. | ૯૯/૬ |
| (૭) | સૂચિત પ્રતિવાદીઓ બ્લોક નંબર : ૧૦૨ પૈકી પ્લોટ નંબર : ૧ થી ૮ ની ૭×૧૨ ની નકલ. | ૯૯/૭ |
| (૮) | મૂળ પ્રતિવાદીના બ્લોક નંબર : ૧૦૨ પૈકીમાં આવેલ પ્લોટ નંબર : ૯ થી ૧ | ૯૯/૮ |

| | | |
|---|---|---|
| | ૫ ની ૭×૧૨ ની નકલ. | |
| (૯) | મૂળ પ્રતિવાદીના બ્લોક નંબર : ૧૦૨ પૈકીમાં આવેલ પ્લોટ નંબર : ૧૬ થી ૨૩ ની ૭×૧૨ ની નકલ. | ૯૯/૯ |
| (૧૦) | મૂળ પ્રતિવાદીના બ્લોક નંબર : ૧૦૨ પૈકીમાં આવેલ પ્લોટ નંબર : ૨૪ થી ૨૯ ની ૭×૧૨ ની નકલ. | ૯૯/૧૦ |
| (૧૧) | સૂચિત પ્રતિવાદીઓના મૂળ માલિકના નામે ચાલી આવેલ જૂની હસ્તલેખિત બ્લોક નંબર : ૧૦૨, સર્વે નંબર : ૧૦૮ ની ૭×૧૨ ની નકલ. | ૯૯/૧૧ |
| (૧૨) | સૂચિત પ્રતિવાદીઓની બ્લોક નંબર : ૧૦૨ પૈકી ખેતી સિવાયની નોંધ નંબર : ૧૫૨૩, ૧૫૨૪ ના ગામ નમૂના નંબર : ૬ હકક પત્રકની નકલ. | ૯૯/૧૨ |
| (૧૩) | સૂચિત પ્રતિવાદીઓના નામે રેવન્યુ દફતરે ખેતી સિવાયના બ્લોકની અલગ અલગ પાડવામાં આવેલ વેચાણ નોંધ નંબર : ૪૦૮૯લ ૪૦૯૦, ૪૦૯૧ તથા ૪૦૯૨ ની નકલ. | ૯૯/૧૩ |

(૮) આ કામે વાદી તરફેની દલીલો વંચાણે લીધી. સૂચિત પ્રતિવાદીઓનો તથા પ્રતિવાદીઓનો લેખિત જવાબ વંચાણે લીધો તથા સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધાં. આ કામે વાદીએ જાહેરાત, જાથુનો મનાઈ હુકમ તથા વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટેનો દાવો દાખલ કરેલ છે, જે હાલ અન્ય પ્રતિવાદીઓના દાવા જવાબ તથા મનાઈ અરજીના જવાબ માટે મુલતવી છે. તે દરમ્યાન વાદીએ સૂચિત પ્રતિવાદીઓને પ્રતિવાદી નંબર : નં. ૧૪ થી ૩૨ તરીકે જોડવા માટે હાલની અરજી આપી છે. વાદીની દાવા અરજી તથા સૂચિત પ્રતિવાદીઓ જોડવા અંગેની અરજી વંચાણે લઈએ તો, વાદીની દાવાવાળી મિલકત એ કડોદરાના બ્લોક નંબર : ૧ ૦૩, સર્વે નંબર : ૧૦૨ ની મિલકતના થયેલા જુદા જુદા ત્રણ દસ્તાવેજો રદ કરવાની તથા તેના આધારે ૧૯૯૮ માં પડેલ નોંધ રદ કરાવવાની દાદ માંગતો દાવો કરેલ છે. વાદીની દાવા અરજી અને સૂચિત પક્ષકાર જોડવાની અરજી પ્રમાણે વાદીએ જુદા જુદા ત્રણ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી દાવાવીળી મિલકત વેચાણ દસ્તાવેજો અનુક્રમે નંબર : ૧૮, ૧૯ અને ૨૦ તારીખ : ૦૪/૦૧ /૨૦૦૬ થી પ્રતિવાદી નંબર : ૧ થી ૮ પાસેથી વેચાણ લીધેલ અને તેનાથી તેઓ માલિક થયેલા. હાલની અરજી જે વાદીએ આપેલ છે તે અરજી મુજબ સૂચિત પ્રતિવાદી નંબર : ૧૪ થી ૩૨ ને પ્ર તિવાદી નંબર : ૯ નાએ સવિતાબેન રણછોડભાઈ, શૈલેષ રણછોડભાઈ અને કિરણબેન રણછોડભાઈના કુલમુખત્યાર તરીકે ૧૯૯૬ માં જુદા જુદા વેચાણ દસ્તાવેજો જે બ્લોક નંબર : ૧ ૦૨ ની બિનખેતી થયેલી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટોના દસ્તાવેજો કરેલા અને તેનાથી આ કામના સૂચિત પ્રતિવાદીઓ માલિક બનેલા. હાલની અરજી વાદીએ, સૂચિત પ્રતિવાદીઓ આ

દાવાના કામે જરૂરી પક્ષકાર હોય, જેથી તેમને દાવામાં પક્ષકાર તરીકે જોડવા જરૂરી હોવાથી હાલની અરજી કરેલ છે. આ કામે સૂચિત પ્રતિવાદીઓએ પોતાના જવાબમાં એવું જણાવેલ છે કે, તેઓનો બ્લોક નંબર : ૧૦૨ અને રેવન્યુ સર્વે નંબર : ૧૦૮ છે, જેથી તેઓ દાવાવાળી મિલકત સાથે કોઈ જ સંબંધ ધરાવતા નથી. વધુમાં આ કામે સૂચિત પ્રતિવાદીઓની બ્લોક નંબર : ૧૦૨, સર્વે નંબર : ૧ ૦૮ વાળી જમીનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની રીટની નોંધ, નોંધ નંબર : ૧૨૧૫૯ તથા ૧૨૧ ૮૯ થી હુકમ મુજબની પડેલ, જેના આધારે વાદીને ધ્યાને આવતાં વાદીએ તેઓને પક્ષકાર તરીકે જોડવાની અરજી આપેલ. આ કામે આ દાવાને સંબંધ છે ત્યાં સુધી વાદીની દાવાવાળી મિલકત એ બ્લોક નંબર : ૧૦૩, સર્વે નંબર : ૧૦૨ ની છે, તેના થયેલા દસ્તાવેજો રદ કરવાનો અને તે દસ્તાવેજના આધારે પડેલી રેવન્યુ નોંધ નંબર : ૪૭૪૧, ૪૭૪૨ અને ૪૭૪૩ ની નિરર્થક જાહેર કરવાનો વાદીનો દાવો છે. જયારે વાદીની પક્ષકાર તરીકે જોડવાની અરજી છે અને સૂચિત પક્ષકારોએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈએ તો, સૂચિત પ્રતિવાદીઓનો બ્લોક નંબર : ૧૦૨ છે અને સર્વે નંબર : ૧૦૮ છે. ઉપરોકત વાદીની દાવાવાળી મિલકત સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરવામાં આવેલી, જે રીટની હુકમ મુજબ નોંધ પાડવા માટે વાદીએ સંબંધિત રેવન્યુ ઓથોરિટીને અરજી આપેલી, જેમાં વાદીએ સર્વે નંબર : ૧૦૨ લખેલ અને જે સૂચિત પ્રતિવાદીઓનો બ્લોક નંબર : ૧૦૨ છે, જેથી રેવન્યુ ઓથોરિટીએ ભૂલથી સર્વે નંબર : ૧૦૨ ને બ્લોક નંબર : ૧૦૨ સમજી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબની નોંધ સદરહુ બ્લોક નંબર : ૧૦૨ માં કરેલી. આ હકીકત ધ્યાને આવતાં સૂચિત પ્રતિવાદીઓ એ નોંધ માં સુધારો કરવા માટે અરજી આપેલી, જેના અનુસંધાને સૂચિત પ્રતિવાદીઓએ સઘળા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખતાં સંબંધિત અધિકારીએ તેમાં આંકડાકીય ભૂલ હોવાને લીધે સુધારો કરી બ્લોક નંબર : ૧૦૨ માંથી સદરહુ ભૂલને દૂર કરવા નોંધ પ્રમાણિત કરતો હુકમ કરેલ છે, જે ધ્યાને લેતાં વાદીની દાવાવાળી મિલકત અને સૂચિત પ્રતિવાદીઓને જે મિલકત વેચવામાં આવેલ છે તે મિલકત અલગ અલગ છે, જેથી હાલના કામે જયાં સુધી દાવાને સંબંધ છે ત્યાં સુધી દાવાવાળી મિલકતનો જે સર્વે નંબર અને બ્લોક નંબર છે તેને લગતા જો કોઈ દસ્તાવેજો થયેલ હોય કે કોઈ હિત ટ્રાન્સફર થયેલ હોય તો તે કામના પક્ષકારો આ કામે જરૂરી પક્ષકાર ગણાય તેવું આ કોર્ટનું માનવું છે. આ કામે વાદીએ તેમની હાલની અરજીમાં નિ.૮૪/૩ થી નિ.૮૪/૧૨ થી રજૂ થયેલા દસ્તાવેજોમાં મિલકતનું વર્ણન વંચાણે લઈએ તો "કડોદરાના બ્લોક નંબર : ૧૦૨ પૈકી એન.એ. થયેલા પ્લોટો પૈકી" એવું લખવામાં આવેલું છે, જે ધ્યાને લેતાં પણ હાલની દાવાવાળી મિલકત તથા સૂચિત પક્ષકારોને જોડવાની અરજી સાથે રજૂ કરેલ દસ્તાવેજમાં જે મિલકતનું વર્ણન છે તેનાથી તે તદ્દન અલગ પડે છે. વધુમાં વાદીએ સૂચિત પક્ષકાર તરીકે જોડવાની અરજી સાથે જે વેચાણ દસ્તાવેજોની

નકલ રજૂ કરેલ છે તે વેચાણ દસ્તાવેજોમાં જણાવેલ ચતુર્દિશા ધ્યાને લઈએ તો, દરેક દસ્તાવેજમાં દક્ષિણ દિશાએ લાગુ બ્લોક નંબર : ૧૦૩ ની જમીન આવેલી છે તેમ લખવામાં આવેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજમાં કોઈ જગ્યાએ સર્વે નંબર : ૧૦૨ ની મિલકતની ચતુર્દિશા લખવામાં આવેલ નથી, જે ધ્યાને લેતાં હાલના સૂચિત પક્ષકારો તરીકે જેમને જોડવા માટે અરજી કરવામાં આવેલી છે તેનો બ્લોક નંબર ૧૦૨ છે, જે હાલની દાવાવાળી મિલકત સાથે કોઈ સંબંધ ધરાવતી નથી. વધુમાં તે વેચાણ દસ્તાવેજો વંચાણે લઈએ તો તે બિનખેતી પ્લોટના વેચાણ દસ્તાવેજો છે અને વાદી જે મિલકતના વેચાણ દસ્તાવેજોથી માલિક બનેલા છે તે દસ્તાવેજો ખેતીની જમીનના દસ્તાવેજો છે, તેની ચતુર્દિશા વંચાણે લઈએ તો પણ ચતુર્દિશા પ્રમાણે કોઈ પણ દસ્તાવેજમાં બ્લોક નંબર : ૧૦૨ ની જમીનનો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી, જેથી દાવાવાળી મિલકત સંબંધે વાદીએ જે દાવો કરેલ છે તે મિલકત અને સૂચિત પક્ષકારો જે દસ્તાવેજથી માલિક થયેલા છેતે દસ્તાવેજો દાવાવાળી મિલકત અંગેના દસ્તાવેજો નથી. વધુમાં વાદી એ પક્ષકારોને સૂચિત પક્ષકાર તરીકે જોડવાની જે અરજી આપેલ છે તે અરજીમાં જણાવેલી હકીકત અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા વાદીની દાવાવાળી મિલકત સાથે સુસંગત નથી અને મુદાની મહત્વની હકીકત સાથે જોડાયેલા નથી. વાદીએ સર્વે નંબર : ૧૦૨ જેનો હાલ બ્લોક નંબર : ૧૦૩ છે તેમાં થયેલા વેચાણ દસ્તાવેજો રદ કરવા માટેની અને તેને લગત થયેલ નોંધને નિરર્થક જાહેર કરવાની દાદ માંગેલ છે, જયારે સૂચિત પક્ષકારો એ બ્લોક નંબર : ૧૦૨ માં આવેલ મિલકતના દસ્તાવેજના આધારે માલિક થયેલા છે, જે હાલની દાવાવાળી મિલકત અંગે કોઈ સંબંધ ધરાવતાં નથી. વધુમાં સદરહુ દાવાનો આખરી નિકાલ આવતાં આવેલ પરિણામ સૂચિત પક્ષકારોને બંધનકર્તા રહેશે નહીં તેવું રેકર્ડ જોતાં જણાઈ આવે છે, કારણ કે વાદીની દાવાવાળી મિલકતની વિષય વસ્તુ અને સૂચિત પ્રતિવાદીઓની મિલકતની હકીકત અલગ અલગ છે.

(૯) વધુમાં આ કામે દીવાની કાર્યરીતિ સંહિતાના આદેશ–૧, નિયમ–૧૦, પેટા નિયમ–ર વંચાણે લેતાં જયારે કોર્ટને દાવાના કામે કોઈ પણ પક્ષકાર જરૂરી જણાય તો પક્ષકારોને દૂર કરી શકે અથવા તો ઉમેરી શકે. જે પક્ષકારો દાવાનો સારી રીતે નિકાલ કરવા માટે જરૂરી હોય તો તેને પક્ષકાર તરીકે જોડી શકે, પરંતુ હાલના દાવામાં વાદીએ સૂચિત પક્ષકારોને જોડવાની જે અરજી આપેલ છે તે પક્ષકારો દાવાના કામે જરૂરી પક્ષકારો છે નહીં તેવું આ કોર્ટનું માનવું છે. વધુમાં જે પક્ષકારો દાવામાં જરૂરી પક્ષકારો નથી તેમને ખોટી રીતે દાવામાં જોડી પક્ષકાર તરીકે જોડવાથી તેમને ખોટાં પ્ર ોસિડીંગ્સમાં ઉતરવું પડશે અને ખોટાં ખર્ચના ખાડામાં ઉતરવું પડશે તેમ થશે, જે કાયદાના સિધ્ધાંત મુજબ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ વાજબી અને કાયદા મુજબ કહેવાય નહીં. વાદીએ હાલની અરજી કોઈ પણ જાતનું રેકર્ડ તપાસ્યા વિના આંકડાકીય ભૂલનો લાભ લઈ સૂચિત

પ્રતિવાદીઓને હેરાન–પરેશાન કરવા કરેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાઈ આવે છે. આમ, તમામ રેકર્ડ, વાદીની પક્ષકાર તરીકે જોડવાની અરજી, સૂચિત પ્રતિવાદીઓનો જવાબ તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા અને હકીકતો ધ્યાને લેતાં સૂચિત પ્રતિવાદીઓને પ્રતિવાદી નંબર : ૧૪ થી ૩૨ તરીકે જોડવાની અરજીમાં જણાવેલી હકીકતો ધ્યાને લેતાં હાલના સૂચિત પ્રતિવાદીઓ દાવાના કામે જરૂરી પક્ષકાર ન હોય, જેથી હાલની અરજી મંજૂર કરવાનું વાજબી જણાતું ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ//

વાદીની આંક–૮૩ ની દિવાની કાર્યવાહી સંહિતાના આદેશ–૧ નિયમ–૧૦ મુજબની પ્રતિવાદી તરીકે જોડવાની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૨ મી, માહે : નવેમ્બર, સને : ૨૦૧૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કયો.

તારીખઃ–૨૨/૧૧/૨૦૧૬ (એ.સી.સખીયા)

સ્થળઃ– પલસાણા. બીજા (એડ–હોક)અધિક સિવિલ જજ, પલસાણ.

યુનીક આઈડી નંબર જી.જે. ૦૧૪૧૮.